પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-10-2025** **Evening : 7.50 to 8.00 PM**

**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

1) ભાજપ-NDAના કાર્યકર્તાઓ સાથે વર્ચ્યૂઅલ સંવાદમાં પ્રધાનમંત્રીએ કહ્યું , દેશના વિકાસમાં બિહાર ખભાથી ખભો મિલાવીને આગળ વધી રહ્યું છે

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતમાં અંદાજે એક હજાર 130 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું

3) કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીના રેલ ભવનમાં વૉરરૂમથી તહેવાર દરમિયાન ચાલતી વિશેષ ટ્રેનની સ્થિતિની સમીક્ષા કરી.

4) કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે બર્લિનમાં જર્મનીનાં આર્થિક બાબતો અને ઊર્જા મંત્રી કેથરિના રિચે સાથે મુલાકાત કરી.

5) ઇસરોના અધ્યક્ષ ડૉક્ટર વિ. નારાયણને કહ્યું, ગગનયાન માનવરહિત પરિક્ષણ ઉડાન મિશન જી-વનનું 90 ટકા કામ પૂર્ણ

6) નવી મુંબઈમાં રમાતી ICC મહિલા ક્રિકેટ વિશ્વકપમાં ન્યૂ ઝિલૅન્ડ સામે ભારતે 48 ઑવરમાં 329 રન બનાવ્યાં.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## REV PM BOOTH CAMPAIGN

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ કહ્યું , દેશ હાલ ઝડપી વિકાસ જોઈ રહ્યો છે અને બિહાર આ યાત્રામાં ખભાથી ખભો મિલાવીને આગળ વધી રહ્યું છે. આજે સાંજે 'મેરા બૂથ સબસે મજબૂત ' કાર્યક્રમ હેઠળ ભાજપ- NDAના કાર્યકર્તાઓ સાથે વર્ચ્યૂઅલી સંવાદ કરતા શ્રી મોદીએ કહ્યું , કેન્દ્ર અને બિહાર બંનેમાં સ્થિર સરકાર હોવાથી દેશ અને બિહારમાં વિકાસકાર્ય થઈ રહ્યા છે. તેમણે કહ્યું , જ્યારે સ્થિરતા હોય છે, ત્યારે વિકાસ ઝડપી બને છે.

(બાઇટ-પીએમ)

## PM ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું , દેશના જહાજ નિર્માણ અને દરિયાઈ માળખાગત સુવિધાને પુનર્જિવિત કરવા સરકારનું આઠ અબજ અમેરિકી ડૉલરનું પેકેજ સામાન્ય નહીં , પરંતુ મહત્વાકાંક્ષાનો સંકેત છે. બંદર , શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલના સોશિયલ મીડિયા પરના એક લેખને રજૂ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું, આ લેખ જણાવે છે કે , કઈ રીતે મેંક ઇન ઇન્ડિયા પ્રોત્સાહન અને બંદરનું આધુનિકીકરણના પ્રયાસથી વધતા અને સ્થિતિસ્થાપક ઔદ્યોગિક આધારે દેશને એક વિશેષ લાભ આપ્યો છે.

સોશિયલ મીડિયા સંદેશની એક શ્રેણીમાં પ્રધાનમંત્રીએ એ વાત પર પણ પ્રકાશ પાડ્યો કે, કઈ રીતે આગામી પેઢીના વસ્તુ અને સેવા કર – GST સુધારાઓએ દેશના આર્થિક આત્મવિશ્વાસને વધાર્યો છે. તેમણે કહ્યું , આ નાણાકીય વર્ષમાં અત્યાર સુધી ભારતીય ઑટો નિકાસ પણ વિક્રમી 31 લાખ 40 હજાર એકમ સુધી પહોંચી છે.

## AMIT SHAH GANDHINAGAR

**કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે ગુજરાતના અમદાવાદ અને ગાંધીનગરમાં અંદાજે એક હજાર 130 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.**

(V/C – PRAVESH ADIACHA)

*કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે સૌથી પહેલા અમદાવાદના સાણંદમાં 805 કરોડ રૂપિયાના ખર્ચે શાંતિપૂરા–ખોરજ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – GIDC માર્ગના છ માર્ગીયકરણનું ખાતમુહૂર્ત કર્યું. કુલ 28 પૂર્ણાંક આઠ કિલોમીટર લંબાઈના માર્ગનું છ માર્ગીયકરણ બંને તરફ સર્વિસ રોડ , 13 પૂલને પહોળા કરવા સહિત એક છ-માર્ગીય ઊંચા પૂલનું પણ નિર્માણ કરાશે. ત્યારબાદ શ્રી શાહે ગાંધીનગરના સેક્ટર 17માં 28 હજાર 576 ચોરસ મીટરમાં 325 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા સદસ્ય નિવાસ સંકુલનું લોકાર્પણ કર્યું. આ નિવાસમાં વિશાળ બગીચા , બહુહેતુક સભાખંડ , વ્યાયામશાળા અને દવાખાનું, વાહન મુકવાના સ્થળ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. વરસાદી પાણીના સંગ્રહ અને પર્યાવરણ જાળવણીના વિચારને અનુરૂપ પાણીના સંગ્રહ માટેના માળખા અને 600 વૃક્ષનું વાવેતર સાથે આ નિવાસ સંકુલ તૈયાર કરાયું છે. પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.*

## VAISHNAV RAILWAY

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પ્રવાસીઓની સુવિધા સુનિશ્ચિત કરવા આજે નવી દિલ્હીમાં રેલ ભવનમાં વૉર રૂમથી તહેવારો દરમિયાન ચાલતી વિશેષ ટ્રેનની સ્થિતિની સમીક્ષા કરી. તેમણે અધિકારીઓ સાથે સંવાદ કર્યો અને છઠ પૂજાથી પહેલા તૈયારીઓની સમીક્ષા કરી. તહેવારો દરમિયાન વધતી પ્રવાસીઓની સંખ્યાને નિયંત્રિત કરવા વૉર રૂમ તૈયાર કરાયો છે.

**શ્રી વૈષ્ણવે કહ્યું , આ વ્યવસ્થાઓમાંથી દેશભરમાં પ્રભાગીય , ક્ષેત્રિય અને રેલવે બૉર્ડ એમ ત્રણ સ્તરનો વૉરરૂમ તૈયાર કરાયા છે. નિયમિત ટ્રેન સેવાઓ સિવાય આગામી ચાર દિવસ સુધી પ્રતિદિવસ સરેરાશ 300 વિશેષ ટ્રેનની સાથે એક હજાર 500 વિશેષ ટ્રેન દોડાવાશે.**

(બાઇટ- **VAISHNAV RAILWAY**)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

## PM MANN KI BAAT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 127-મી કડી હશે. આ માટે લોકો પોતાના મંતવ્ય ટૉલ ફ્રી નંબર 1800–11–7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અને માય GOV ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન મોકલી શકે છે. આવતીકાલ સુધી આ મંતવ્ય મોકલી શકાશે.**

## PREZ KERALA SIVAGIRI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું , શ્રી નારાયણ ગુરુના ઉપદેશ ધર્મ , શાંતિ અને પંથની સરહદોથી આગળ છે. રાષ્ટ્રપતિએ આજે કેરળમાં વર્કલા સ્થિત શિવગિરિ મઠમાં કેરળના આધ્યાત્મિક ગુરુ અને સમાજ સુધારક શ્રી નારાયણ ગુરુની મહાસમાધિ શતાબ્દી સમારોહનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ કહ્યું , શ્રી નારાયણ ગુરુએ પીડિત સમુદાયોમાં સાક્ષરતા , આત્મનિર્ભરતા અને નૈતિક મૂલ્યોને આગળ વધાર્યા હતા. તેમણે કહ્યું , શ્રી નારાયણ ગુરુનો સંદેશ આજના વિશ્વમાં પણ વધારે પ્રાસંગિક થઈ ગયો છે.

રાષ્ટ્રપતિએ મહાસમાધિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર અને મંત્રી વી. એન. વાસવન તથા વી. શિવનકુટ્ટી સહિત અન્ય મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## BIHAR JP NADDA

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ બિહારમાં ઓરંગાબાદ જિલ્લાના ગોહમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન – NDA ઉમેદવારોના સમર્થનમાં એક ચૂંટણી સભા સંબોધી. આ પ્રસંગે શ્રી નડ્ડાએ મહાગઠબંધન પર પ્રહાર કર્યા. તેમણે કહ્યું , મહાગઠબંધને તેજસ્વી યાદવને મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કર્યા છે.

## GOYAL GERMAN MINISTER

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે આજે બર્લિનમાં જર્મનીનાં આર્થિક બાબતો અને ઊર્જા મંત્રી કેથરિના રિચે સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ગોયલે કહ્યું , આ મુલાકાત દરમિયાન સંવાદમાં વેપાર અને રોકાણ ક્ષેત્રમાં ભારત–જર્મની સંબંધને મજબૂત કરવા, લીલી ઊર્જા, ઉભરતી ટૅક્નોલૉજી અને સંરક્ષણ ક્ષેત્રમાં સંયુક્ત ઔદ્યોગિક અને ટૅક્નિકલ ભાગીદારી પર ચર્ચા થઈ.

શ્રી ગોયલે કહ્યું , ભારત–યુરોપીય સંઘ મુક્ત વેપાર કરાર – F.T.A.ને અંતિમ સ્વરૂપ આપવા જર્મનીની પ્રતિબદ્ધતા અંગે પણ ચર્ચા કરવામાં આવી. શ્રી

ગોયલે કઈ રીતે ભારતની પ્રતિભા અને વેપાર સરળતાને પ્રોત્સાહન આપવાના પ્રયાસમાં જર્મનીની કંપનીઓ માટે રોકાણમાં વૈવિધ્ય લાવવા અને પૂરવઠા સાંકળને મજબૂત કરવા માટે તક પૂરી પાડે છે.

ભારતીય જનતા પાર્ટીએ મહાગઠબંધનની અંદર બેઠકોની વહેંચણી અંગે પ્રશ્ન ઉઠાવ્યા છે. મહાગઠબંધનની ટિકા કરતા ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદે કહ્યું , બિહાર વિધાનસભાની કુલ બેઠક 243 છે. જ્યારે ગઠબંધન 255 બેઠક પર મુકાબલો કરી રહ્યું છે. તેમનું કહેવું છે, ગઠબંધનની સ્થિતિ ઘણી નબળી છે.

બીજી તરફ, ભાજપના અન્ય એક નેતા પ્રતુલ શાહ દેવે કહ્યું , વિપક્ષી નેતાઓની વ્યક્તિગત આકાંક્ષાઓ ઘણી વધી ગઈ છે અને તમામ નેતા મુખ્યમંત્રી બનવા ઈચ્છે છે. ભાજપના નેતાઓને મહાગઠબંધન પર વિવિધ આક્ષેપ લગાવ્યા છે.

## GAGANYAAN LAUNCH READY

ભારતીય અવકાશ સંશોધન સંગઠન – ઇસરોના અધ્યક્ષ ડૉક્ટર વિ. નારાયણને કહ્યું, ગગનયાન માનવરહિત પરિક્ષણ ઉડાન મિશન જી-વનનું 90 ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. આ ડિસેમ્બરના પહેલા સપ્તાહમાં તેનું પ્રક્ષેપણ કરાશે. બેંગ્લોરમાં આજે પત્રકારો સાથે વાત કરતા ડૉક્ટર નારાયણને કહ્યું , ક્રૂ મૉડ્યુલ , એસ્કેપ સિસ્ટમ , પેરાશૂટ મૉડ્યૂલ, સંચાર પ્રણાલિઓ અને અન્ય ઉપ-પ્રણાલિઓના પરીક્ષણ સફળ રહ્યા છે.

વ્યોમમિત્ર , માનવરહિત ગગનયાન મિશન હેઠળ ડિસેમ્બરમાં પૃથ્વીની નીચેની કક્ષામાં ઉડાન ભરશે. ગગનયાનનું અંતિમ માનવયુક્ત મિશન વર્ષ 2027માં પ્રસ્તાવિત છે. તેમાં ત્રણ ભારતીય અવકાશયાત્રી બાહ્ય અવકાશની યાત્રા કરશે અને તેમને પરત લવાશે.

નિસાર અર્થ ઑબ્ઝર્વેશન સેટેલાઈટ અંગે માહિતી આપતા તેમણે કહ્યું , પેલોડ આગામી 10થી 15 દિવસમાં શરૂ થશે. ભારતીય અવકાશ મથક અંગે તેમણે

કહ્યું,  પહેલો બેઝ મોડ્યુલ વર્ષ 2028 સુધી લૉન્ચ કરાશે. ઇસરો વર્ષ 2035 સુધી અવકાશ મથકને સાકાર કરવા અંગે પણ કામ કરી રહ્યું છે

## WOMEN CRICKET

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ  – ICC મહિલા એક-દિવસીય ક્રિકેટ વિશ્વકપમાં આજે ભારત અને ન્યૂ ઝિલેન્ડ વચ્ચે મૅચ રમાઈ રહી છે. નવી મુંબઈના ડી. વાય પાટિલ સ્ટૅડિયમ ખાતે રમાતી મૅચ હાલ વરસાદના કારણે રોકાઈ ગઈ છે. ન્યૂ ઝિલેન્ડે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરતાં ભારતે અત્યાર સુધી 48 ઑવરમાં બે વિકેટ ગુમાવી 329 રન બનાવ્યાં છે. ભારત તરફથી સૌથી વધુ 122 રન ઑપનર પ્રતિકા રાવલે અને સ્મૃતિ મંધાનાએ 109 રન કર્યાં છે. જ્યારે જેમિમાહ રોડ્રીગ્સ 69 અને સુકાની હરમનપ્રિત કૌરે અણનમ 10 રન બનાવ્યાં છે. ન્યૂ ઝિલેન્ડ તરફથી અમેલિયા કેર અને સૂઝી બેટ્સે એક-એક વિકેટ લીધી છે.

## REV ODI INDIA AUS

ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ રહેલી ત્રણ એક દિવસીય મૅચની શ્રેણીની બીજી મૅચમાં ભારત ઑસ્ટ્રેલિયા સામે બે વિકેટથી હારી ગયું છે. ઑસ્ટ્રેલિયાના એડિલેડ ખાતે રમાયેલી મૅચમાં ઑસ્ટ્રેલિયાએ ટૉસ જીતીને બૉલિંગનો નિર્ણય કર્યો હતો.

ભારતે બેટિંગ કરતા ઑસ્ટ્રેલિયાને જીતવા 265 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જવાબમાં ઑસ્ટ્રેલિયાએ 46 ઑવર અને બે બૉલમાં જ મૅચ જીતી લીધી. ઑસ્ટ્રેલિયાએ હવે આ શ્રેણીમાં બે-0ની અજય સરસાઈ મેળવી છે. હવે 25 તારીખે શ્રેણીની છેલ્લી એકદિવસીય મૅચ સિડનીમાં રમાશે.